# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव

G20 वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE


**પરીપત્ર**

વિષય : **ઝોન/તાલુકા/જિલ્લા કક્ષાના યુવા ઉત્સવ-૨૦૨૫ના આયોજન બાબત.**

સંદર્ભ : **જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢના તા.૩૦/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક :જયસપ/યબઅ/૧૨૨૮ થી ૧૨૩૪/૨૦૨૫-૨૬.**

અત્રેની યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઈન્ચાર્જશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ઉક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઝોન/તાલુકા/જિલ્લા, પ્રદેશ, રાજ્ય, રાષ્ટ્રકક્ષાની યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે.

ઝોન/તાલુકા કક્ષાની સ્પર્ધામાં "અ" અને "બ" અને ખુલ્લા વિભાગની સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રની સ્પર્ધાઓ ઓફ્લાઈન યોજવામાં આવનાર છે. આ યુવા ઉત્સવમાં ૧૫ થી ૨૯ સુધીની વયમર્યાદા ધરાવતા વિદ્યાર્થી/બિન વિદ્યાર્થી કોઈપણ યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. ઉક્ત યુવા ઉત્સવ અંગેની વધુ માહિતી માટે ઝોન અને તાલુકા કક્ષાના કન્વીનરશ્રીની યાદી/મોબાઈલ નંબર, વિભાગ વાઈઝ કૃતિઓની યાદી અને નિયમો આ સાથે સામેલ છે. જેનો અભ્યાસ કરી જો કોઈ મુશ્કેલી જણાય તો કન્વીનરશ્રીનો સંપર્ક સાધી શકો છો.

અત્રેની યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઈન્ચાર્જશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપની કોલેજ/ભવનના વધુમાં વધુ વિદ્યાર્થીઓ યુવા ઉત્સવમાં ભાગ લે તે અંગે અંગત રસ દાખવી આપની કક્ષાએથી ઘટતુ કરવું.

Registrar
Bhakta Kavi Narsinh Mehta
University, Junagadh

**બીડાણ :** (૧) સંદર્ભ પત્રની નકલ અને કન્વીનરશ્રીની યાદી (૨) સ્પર્ધાના નિયમો (૩) યુવા ઉત્સવ-૨૦૨૫નું અરજી ફોર્મ

ક્રમાંક:બીકેએનએમયુ/શા.શિ./૨૭૪/૨૦૨૫, તા.૦૩/૧૦/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. રોડ,
ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩.

પ્રતિ, .
અત્રેની યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર્સ ઈન્ચાર્જશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો તરફ...

નકલ રવાના :
(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ... (જાણ અર્થે)
(૨) આઈ.ટી. સેલ... (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)

૧૨૨૮૫૧

ક્રમાંકઃજયસપ/યબઅ/૧૨૩૪/૨૦૨૫-૨૬
જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,
બ્લોક નં.૧ , પ્રથમ માળ, બહુમાળી ભવન,
સરદાર બાગ, જુનાગઢ -૩૬૨૦૦૧
ફોન નં. ૦૨૮૫-૨૬૩૦૪૯૦
ઈ-મેલ dydo-sycd-jngh@gujarat.gov.in
તા.૩૦ /૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી/પ્રિન્સિપલશ્રી,
માધ્યમિક, ઉચ્ચ.મા.શાળા, કોલેજો
સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, આર.એમ.એસ.એ. શાળાઓ/કોલેજો તમામ
જુનાગઢ, જિલ્લો જુનાગઢ

વિષય : ઝોન/તાલુકા, જિલ્લા કક્ષા યુવા ઉત્સવના આયોજન બાબત.
સંદર્ભ: કમિશનરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના
તા.૧૮/૦૭/૨૦૨૫ના પરીપત્ર ક્ર:યસપ/યબઅ/યુ.ઉ/૨૦૨૫-૨૬/૧૨૪૬૫-૧૨૫૬૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ દર્શિત પરીપત્ર અન્વયે જણાવવાનું કે, પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન ઝોન/તાલુકા, જિલ્લા, પ્રદેશ, રાજ્ય, રાષ્ટ્રકક્ષાની યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે.

ઝોન/તાલુકાકક્ષાની સ્પર્ધામાં "અ" અને "બ" અને ખુલ્લા વિભાગની સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રની સ્પર્ધાઓ ઓફલાઈન યોજવાની થાય છે.આ યુવા ઉત્સવમાં ૧૫ થી ૨૯ સુધીની વયમર્યાદા ધરાવતા વિધાર્થી- બિન વિધાર્થી કોઈ પણ યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. "અ" વિભાગમાં ૧૫ વર્ષથી ઉપરના અને ૨૦ વર્ષ સુધીના, "બ" વિભાગમાં ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના અને ખુલ્લો વિભાગમાં ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના ભાગ લઈ શકશે. (વિભાગ વાઇઝ કૃતિઓની યાદી અને નિયમો આ સાથે સામેલ છે.)

1. અ- વિભાગઃ ૧૫ વર્ષથી ઉપરના અને ૨૦ વર્ષ સુધીના (૦૧/૦૯ /૨૦૦૫ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા)
2. બ- વિભાગઃ ૨૦ વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના(૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૦૫ વચ્ચે જન્મેલા)
3. ખુલ્લો- વિભાગઃ ૧૫ વર્ષથી ૨૯ વર્ષ સુધીના (૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા)

ઉપર્યુક્ત વય ગ્રુપ મુજબ સાહિત્ય, કલા, સાંસ્કૃત્તિક વિભાગની કૃત્તિઓ ઝોન/તાલુકા કક્ષાએ ઓફલાઇન યોજાશે. જે અંગેના નિયત અરજી ફોર્મ ઝોન/તાલુકા કન્વીનરને તા. ૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં મોકલવાના રહેશે. ઝોન/તાલુકા કક્ષાની સ્પર્ધા તા.૨૭ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. ઝોન/તાલુકા કક્ષાની સ્પર્ધા માટે કન્વીનરશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

સીધી જિલ્લાકક્ષાની આ સ્પર્ધાના સ્પર્ધકોએ નીયત અરજી ફોર્મ સંપૂર્ણ વિગતો, આધ પુરાવા સાથે જિલ્લા યુવા અને સાંસ્કૃતિ પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં.૧, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ ૩૬૨૦૦૧ ખાતે તા.૧૦/૧૦/૨૦૨૫ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા પોસ્ટ મારફત મોકલવાની રહેશે. સ્પર્ધા અંગેના નિયમો, ઝોન/તાલુકા કન્વીનરોની યાદી આ સાથે સામેલ છે.

આચાર્યશ્રી/પ્રિન્સિપલશ્રીએ અંગત રસ લઈ કલાના શિક્ષક/વ્યાયામ શિક્ષક/વિષય શિક્ષક મારફત વિદ્યાર્થીઓના વધુમાં વધુ ભાગ લેવાય તેવા પ્રયત્નો કરવાના રહેશે. આ અંગે કોઈ મુશ્કેલી જણાય તો અત્રેની કચેરીના ફોન નં. ૦૨૮૫-૨૬૩૦૪૯૦ પર સંપર્ક કરવાનો રહેશે.

બિડાણ:- ઉપર મુજબ

જિલ્લા યુવા વિકાસ અધિકારી
જુનાગઢ

જિલ્લા શિક્ષણાધિકારી
જુનાગઢ

<u>નકલ સવિનય જાણ સારૂ:</u>

(૧)માન. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
(૨)માન. કલેકટરશ્રી, જુનાગઢ

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી થવા સારૂ:</u>

(૧)માન.રજીસ્ટ્રારશ્રી, કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ (આપના તાબાની જુનાગઢ જિલ્લાની કોલેજોને જાણ કરવા વિનંતી )
(૨)માન.રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ( // )
(૩)માન.રજીસ્ટ્રારશ્રી, નોબલ યુનિવર્સિટી, જુનાગઢ ( // )
(૪)માન.રજીસ્ટ્રારશ્રી, ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ ( // )

## જુનાગઢ જીલ્લો

### તાલુકા કક્ષા યુવા ઉત્સવ કન્વીનરશ્રીઓ ની યાદી દર્શાવતું પત્રક - બ

| ક્રમ | તાલુકાનું નામ | કન્વીનરશ્રી નું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | શ્રી અલ્તાફ સીડા | પી.એમ. શ્રી નવાગામ પ્રા.શાળા | ૮૭૮૦૪ ૪૨૪૬૨ |
| ૨ | ભેંસાણ | શ્રી પ્રિતેશભાઈ કોઠીયા | માધવ શૈક્ષણીક સંકુલ, ભેસાણ | ૯૪૨૮૯ ૫૩૯૮૨ |
| ૩ | વિસાવદર | શ્રી ભરતભાઈ ભેટારીયા | ગ્રામ પંચાયત હાઈસ્કુલ, મોટાકોટડા | ૯૮૨૫૭ ૨૮૨૩૯ |
| ૪ | મેંદરડા | શ્રી જી.આર.પાચાણી | શ્રી સરસ્વતી હાઈકુલ, મેંદરડા | ૯૮૭૯૯ ૭૦૫૪૫ |
| ૫ | માળીયા | શ્રી ભરતભાઈ પરમાર | શ્રી વીર ભગતસિંહ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગડુ | ૯૮૭૯૮૫૫૫૬૫ |
| ૬ | માણાવદર | શ્રી એચ.એ.વિરોજા | એમ.પી.સાપરીયા હાઈસ્કુલ,સરદારગઢ | ૯૯૭૯૬ ૭૫૬૫૫ |
| ૭ | કેશોદ | શ્રી ડો. હમીરસીંહ વાળા | આદર્શ નિવાસી શાળા (અ.જા કુમાર) કેશોદ | ૯૮૨૪૪ ૭૬૭૯૦ |
| ૮ | વંથલી | શ્રી શૈલેશભાઈ આર. ભાલોડીયા | નગર પંચાયત હાઇસ્કૂલ, વંથલી | ૯૮૯૮૬૮૪૨૩૨ |
| ૯ | માંગરોળ | શ્રી શૈલેષભાઈ પરમાર | સુનિધી સદ્દભાવ કન્યા વિનય મંદિર, માંગરોળ | ૯૮૨૪૧૪૮૪૮૦ |

<u>નોંધ :-</u> તાલુકા કન્વીનરે તાલુકા કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધાઓનું તા.૨૭ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં આયોજન કરી પૂર્ણ કરવું . તેમજ વકતૃત્વ સ્પર્ધાના વિષયો સ્પર્ધા ના ૨૪ કલાક અગાઉ જાહેર કરતા પહેલા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જુનાગઢ ખાતેથી મંજૂર કરાવી જાહેર કરવાના રહેશે.

જીલ્લા યુવા વિકાસ અધિકારી
જુનાગઢ

જિલ્લા શિક્ષણાધિકારી
જુનાગઢ

## જુનાગઢ મહાનગરપાલીકા

## ઝોન કક્ષા યુવા ઉત્સવ કન્વીનરશ્રીઓ ની યાદી દર્શાવતું પત્રક - અ

| ક્રમ | ઝોનનું નામ | કન્વીનરશ્રી નું નામ | શાળાનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧ | ઝોન - ૧ | શ્રી વસંતભાઈ મધુડીયા | શ્રી સુભાષ આર્ય કન્યા વિધાલય, ખામધ્રોળ ફાટક, જુનાગઢ | ૯૪૨૭૧ ૮૪૯૭૦ |
| ૨ | ઝોન - ૨ | શ્રી દર્શનભાઈ વાઘેલા | શ્રી બી.એ.પી.એસ. વિદ્યાલય, અક્ષરમંદીર , જુનાગઢ | ૯૫૫૮૮ ૧૬૯૬૬ |
| ૩ | ઝોન - ૩ | શ્રી ગોવીંદભાઈ છૈયા | શ્રી મિનરાજ શૈક્ષણીક સંકુલ, ભવનાથ, જુનાગઢ | ૯૮૨૫૬ ૭૩૦૨૬ |
| ૪ | ઝોન - ૪ | શ્રી ઈરફાનભાઈ ગરાણા | શ્રી વણઝારી પ્રાથમીક શાળા, વણઝારી ચોક, જુનાગઢ | ૯૮૯૮૮ ૩૭૩૭૫ |
| ૫ | ઝોન - ૫ | શ્રી રસીકભાઈ કનેરીયા | શ્રીમતી આર. જે. કનેરીયા ગર્લ્સ હાઈસ્કુલ, મોતીબાગ, જુનાગઢ | ૯૪૨૭૩ ૮૦૬૫૩ |
| ૬ | ઝોન - ૬ | શ્રી ભરતભાઈ પરમાર | એકલવ્ય પબ્લિક સ્કુલ, જુનાગઢ | ૮૭૮૦૩ ૫૫૩૯૨ |
| ૭ | ઝોન - ૭ | શ્રી ભાવેશ દેવધરીયા | શ્રી બહાઉદ્દીન કોલેજ, જુનાગઢ | ૯૫૮૬૧ ૦૦૧૦૧ |
| ૮ | ઝોન - ૮ | શ્રી હેમંતભાઈ ચાવડા | કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ, જુનાગઢ | ૯૯૨૪૪ ૩૪૨૨૨ |

<u>નોંધ :-</u> ઝોન કન્વીનરે ઝોન કક્ષા યુવા ઉત્સવ સ્પર્ધાઓનું ૨૭ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં આયોજન કરી પૂર્ણ કરવું . તેમજ વકતૃત્વ સ્પર્ધાના વિષયો સ્પર્ધા ના ૨૪ કલાક અગાઉ જાહેર કરતા પહેલા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જુનાગઢ ખાતેથી મંજૂર કરાવી જાહેર કરવાના રહેશે.

જીલ્લા યુવા વિકાસ અધિકારી
જુનાગઢ

જિલ્લા શિક્ષણાધિકારી
જુનાગઢ

# ભાગ-૧ નાં નિયમો

## -:- સાહિત્ય વિભાગ -:-

### (૧) વકતૃત્વ સ્પર્ધા:

1. આ સ્પર્ધા‘અ’અને‘બ” બંને વિભાગ માટે રહેશે.
2. આ સ્પર્ધાનો સમય‘અ” વિભાગમાં ૦૫ મિનિટનો જ્યારે “બ” વિભાગમાં ૦૭ મિનિટનો રહેશે.
3. સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
4. દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે
5. રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
6. સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિ કોઈપણ વિષયમાં ભાગ લઈ શકશે , પરંતુ તેની જાણ સ્પર્ધામાં ચાર કલાક પહેલા વ્યવસ્થાપકને કરવાની રહેશે.

### (૨) નિબંધ સ્પર્ધા:

1. આ સ્પર્ધા‘અ’અને‘બ” બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય૪૦ મિનિટનો રહેશે.
3. સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ગમે તે એક ભાષામાં રહેશે.
4. નિંબધનો વિષય સ્પર્ધાના સમયે જાહેર કરવામાં આવશે.
5. રાષ્ટ્રીય એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
6. નિબંધમાં વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા , તેની શુધ્ધતા, વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવી.

### (3) પાદપૂર્તિ:

1. આ સ્પર્ધા‘બ” વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૪૦ મિનિટનો રહેશે.
3. પાદપૂર્તિ માટે ત્રણથી ચાર જુદી જુદી પંક્તિઓ આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઈપણ એક પંક્તિ પાદપૂર્તિ કરવાની રહેશે.
4. પાદપૂર્તિ માટે આપેલી પંક્તિમાં બે કે ત્રણ કે તેથી વધુ પંક્તિઓ ઉમેરી શકાશે.

### (૪) ગઝલ-શાયરી લેખન:

1. આ સ્પર્ધા‘બ” વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
3. ગઝલ-શાયરી ગુજરાતી અથવા હિન્દી ભાષામાં લખી શકાશે.
4. ગઝલ-શાયરી લેખન માટે ત્રણથી ચાર જુદા વિષયો આપવામાં આવશે , જેમાંથી સ્પર્ધકે કોઈપણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.

(૫) કાવ્ય લેખન:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૬૦ મિનિટનો રહેશે.
3. કાવ્ય લેખન ગુજરાતી અથવા હિન્દી ભાષામાં લખી શકાશે.
5. ત્રણથી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઈપણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.

(૬) દુહા-છંદ-ચોપાઈ:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્પર્ધામાં કંઠ્ય કરેલા ઓછામાં ઓછા આઠથી દસ દુહા-છંદ-ચોપાઈની રજુઆત કરવાની રહેશે. છંદો જેવા કે માત્રામેળ અને અક્ષર મેળઅને ચારણી ગીતો છંદો જેવા કે સપાખરા , સાવજડું, તિકુરબંધ, શાણોર ઈત્યાદીની રજુઆત કરી શકાશે.
4. કંઠ્યસ્થ કરેલા દુહા-છંદ-ચોપાઈનો ભાવાર્થ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં પોતાની સમજણ પ્રમાણે મૌલિક શૈલીમાં રજૂ કરવાનો રહેશે.
5. કંઠ્યસ્થ રજુઆત વખતે ગાન અનિવાર્ય રહેશે.

(૭) લોક વાર્તા:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે ૧૫ મિનિટમાં વાર્તા પુરી કરવાની રહેશે.
3. લોક વાર્તામાં ચારણશૈલી , બારોટશૈલી, ઢાઢીલીલા અને ભવાઈ શૈલી જેવી સામાન્ય શૈલી વગેરેનો ઉપયોગ કરવાનો રહેશે. પ્રાદેશિક પારંપારિક શૈલીનો ઉપયોગ કરી શકાશે. વાર્તાકારે પોતાને અનૂકુળ વાદ્યોનો આધાર લઈ શકાશે. (સ્વરવાદન દ્વારા)

## -:- કલા વિભાગ -:-

(૮) સર્જનાત્મક કારીગરી:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૮૦ મિનિટનો રહેશે.
3. આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ , લાકડાનો વેર, ઈલાયચીના છોડા જેવી સામગ્રીમાંથી પથ્થરના ટુકડામાંથી કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે. કાચી સામગ્રીનો નાણાંકીય વ્યવલઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરૂત્તમ તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઈઓના સુચનો લક્ષમાં લેવું.
4. જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મુલ્ય ઉપજે એવા હોવા જોઈએ.
5. જરૂરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે. સ્થળ પર તૈયાર કરેલા મૌલીક નમુનાને પ્રાધાન્ય અપાશે.
6. જરૂરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે. જે નમૂના તૈયાર થાય તે સ્પર્ધાના સ્થળે છેલ્લા દિવસ સુધી મુકવાના રહેશે.

# -:- સાંસ્કૃતિક વિભાગ -:-

(૯) લગ્નગીત:

1. આ સ્પર્ધા "બ" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે.
3. ગીત વૈયક્તિક રીતે રજૂ કરવાનું રહેશે, સ્પર્ધકે ગીત ઝીલવા માટે કે વાજિંત્ર વગાડવા માટે વધુમાં વધુ ૦૪ સહાયકો લાવી શકશે. વાજિંત્રમાં ફક્ત રીધમનો આશરો લઈ શકાશે.
4. લગ્ન ગીત કંઠ્યસ્થ હોવું જોઈએ, લેખિત કૃતિનો આધાર લઈ શકાશે નહી.
5. ૦૭ મિનિટમાં જૂનાં લગ્નગીતમાંથી જેટલા ગીતો સ્પર્ધક રજુ કરશે તે ઉપરથી તેનું મૂલ્યાંકન કરાશે. અપ્રચલિત લગ્નગીતોની રજૂઆત આવકારદાયક લેખાશે. ફિલ્મોમાં આવતા કે ગ્રામોફોન રેકર્ડ ઉપર આવતા ગીતો સિવાયના ગીતો મૂલ્યાંકન માટે નિર્ણાયક બની રહેશે.

(૧૦) હળવું કંઠ્ય સંગીત:

1. આ સ્પર્ધા "અ" અને "બ" બંન્ને વિભાગ માટે રહેશે.
2. "અ" તથા "બ" વિભાગ માટે સ્પર્ધાનો સમય ૦૫ મિનિટનો રહેશે.
3. હળવા કંઠ્ય સંગીત સાથે તબલા ઉપરાંત વધુમાં વધુ બે વાજિંત્રોનો ઉપયોગ કરી શકાશે.
4. ગીતની કૃતિ સમાજની દ્રષ્ટિએ પોષક હોવી જોઈએ.
5. ગીત ગુજરાતી કે હિન્દી ભાષામાં રહેશે.

(૧૧) લોકવાદ્ય :

1. આ સ્પર્ધા "અ" અને "બ" બંન્ને વિભાગ માટે રહેશે.
2. "અ" તથા "બ" વિભાગ માટે સ્પર્ધાનો સમય ૦૫ મિનિટનો રહેશે.
3. લોક વાદ્યને મુખ્ય ગણવામાં આવશે. જ્યારે નૃત્યને ગૌણ ગણવામાં આવશે.
4. વાદનના પ્રકારમાં લોક સંગીતની શૈલી, ઢાળ જળવાઈ રહે તે જરૂરી છે.
5. નીચે જણાવેલ લોકવાદ્યનો જ સ્પર્ધા માટે ઉપયોગ કરી શકાશે.
   (૧) રાવણહથ્થો (૨) મદારીની પુંગ (૩) તાળપુ (૪) જંતર (૫) નોબત (૬) શહનાઈ (૭) જોડિયો પાવો (૮) પાવો (૯) ઢોલ (૧૦) થાળી (૧૧) ભૂંગળ ઉપરાંત જે તે પ્રદેશનું લોકવાદ્ય.

(૧૨) એક પાત્રીય અભિનય:

1. આ સ્પર્ધા"અ"અને"બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય "અ" વિભાગમાં ૦૫ મિનિટનો જ્યારે "બ" વિભાગમાં ૦૭ મિનિટનો રહેશે.
3. અભિનયની સ્ક્રિપ્ટ, લેખકનું નામ તથા નાટ્ય વિષય વસ્તુ વિગતો અગાઉથી આપવાની રહેશે.
4. એક પાત્રીય અભિનય માટે વેશભૂષાનો ઉપયોગ કરી શકાશે અને તે માટેની જરૂરી સાધન-સામગ્રી કલાકારે પોતે સાથે લાવવાની રહેશે.
5. કોઈપણ એક જ પાત્રના મનોભાવોને અભિવ્યક્ત કરવાનો રહેશે. બહુપાત્રીય અભિનય (મિમીક્રી) આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

(૧૩) ભજન:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે.
3. વાજિંત્રમાં ફક્ત હાર્મોનિયમ, તબલા અને મંજીરાનો આશરો લઈ શકાશે.
4. લોક વાદ્યની ઉપયોગીતા જણાય તો સ્પર્ધકેતે જાતે વગાડવાનું રહેશે.
5. ભજન શરૂ કરનાર સ્પર્ધકે જુના અપ્રચલિત નીચે જણાવેલ ભજનના પ્રકારોમાંથી પસંદગી કરવાની રહેશે. (૧) રામગરી (૨) પ્રભાત/પ્રભાતિયા (૩) સંધ્યા (૪) આરતી (૫) કારી (૬) આરાધ (૭) ગરબો (૮) કિર્તન (૯) ધ્રોળ (૧૦) ખાબો (૧૧) ઉપદેશવાણી વગેરે રજુ કરવાનું આવકારદાયક લેખાશે.

(૧૪) સમુહગીત:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે.
3. સમુહગીત વૃંદમાં ઓછામાં ઓછા ૦૪ અને વધુમાં વધુ ૦૮ સભ્યો રાખી શકાશે.
4. સાથ-સંગતમાં વધુમાં વધુ ૦૫ સહાયકો રાખી શકાશે.
5. ગીત ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રાખી શકાશે.
6. ગીતની કૃતિ સમાજની દ્રષ્ટીએ શિષ્ટ હોવી જોઈએ.
7. મુલ્યાંકનમાં મેકઅપ- પહેરવેશ, સાજ-સજાવટ, પ્રકાશ વ્યવસ્થા ઈત્યાદીને પ્રાધાન્ય આપવામાં આવશે નહી.

(૧૫) એકાંકી:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૩૦ થી ૪૫ મિનિટનો રહેશે.
3. એકાંકી ગુજરાતી/અંગ્રેજી કે હિન્દી ભાષામાં રાખી શકાશે.
4. અભિનય કરનારની સંખ્યા ૧૨ થી વધવી જોઈએ નહી.
5. જેવું સિગ્નલ આપવામાં આવે કે તરત જ અથવા ટીમ પરીચય આપવાનું શરૂ કરે બે માંથી જે વહેલું હોય ત્યારથી સમય ગણવામાં આવશે.
6. ખાલી સ્ટેજથી ખાલી સ્ટેજનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.
7. સ્ટેજનો ચાર્જ સંભાળ્યા પછી સ્ટેજ સેટીંગ અને સેટ તથા ચીજ વસ્તુઓ દુર કરવા ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે.
8. ભાગ લેનાર ટીમોએ પોતાના સેટ/સ્ટેજ ચીઝવસ્તુઓ, મેકઅપની સામગ્રી વગેરે લાવવાની રહેશે. આગળથી જણાવવામાં આવેથી હલકી અને સામાન્ય વસ્તુઓ જેવી કે સામાન્ય ફર્નિચર પુરૂ પાડવામાં આવશે.
9. ભાગ લેનાર ટીમે નાટકની રજુઆત પહેલા ઓછામાં ઓછા બે કલાક પહેલાં સ્પર્ધાના ઈન્ચાર્જ સમક્ષ હાજર થવાનું રહેશે.
10. નિર્ણય વિષય, અભિનય, સ્ટેજ, કલા એકંદરે છાપ જેવા નાટકના ગુણો પર આધારિત રહેશે.
11. રાજ્યકક્ષાએ એકાંકી સ્પર્ધાના વિજેતા ક્રમ નિર્ણાયકશ્રી રજુ કરશે , તે મુજબ ઈનામ અને વિજેતા નંબર ધ્યાનમાં લેવાશે પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં હિન્દી/અંગ્રેજી એકાંકીની શ્રેષ્ઠ એકાંકી ભાગ લેશે.

(૧૬) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની):

1. આ સ્પર્ધા"અ" તેમજ "બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા વાજિંત્રોના સુર મેળવવા વગેરે માટે વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. આ સ્પર્ધામાં ફિલ્મી ગીતોની છુટ નથી.
5. રાગ અને રચનાની પસંદગીમાં પુરતો વિચાર કરવો અને કાળજી લેવી જોઈએ.
6. નિર્ણય સ્વર, નામ, બોલનું ઉચ્ચારણ, રાગની પસંદગી, રચના અને એકંદરે છાપ પર આધારિત રહેશે.
7. રાજ્યકક્ષાએ "અ" અને "બ" વિભાગના પ્રથમ નંબરે વિજેતા બન્ને કલાકારો પૈકી શ્રેષ્ઠતાનું ધોરણ નિર્ણાયકશ્રીઓ દ્વારા નક્કી કરવામાં આવશે. જે બન્ને કલારોને બંધનકર્તા રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં પાંચ સહાયકો ભાગ લઈ શકશે. જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામેલ સ્પર્ધકે રાષ્ટ્રીય યુવા ઉત્સવના માર્ગદર્શક સિધ્ધાંતો અનુસાર સ્પર્ધક ભાગ લઈ શકશે. સહાયકો મળી શકશે નહી. પોતાના ખર્ચે સહાયકો સાથે લઈ જઈ શકશે.

(૧૭) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (કર્ણાટકી):

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક, સંગીતકારોને બેસવા, વાજિંત્રોના સુર મેળવવા માટે વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. આ સ્પર્ધામાં ફિલ્મી ગીતોની છુટ નથી.
5. રાગ અને રચનાની પસંદગીમાં પુરતો વિચાર કરવો અને કાળજી લેવી જોઈએ.
6. નિર્ણય સ્વર, નામ, બોલ, ઉચ્ચારણ, રાગની પસંદગી, રચના અને એકંદર છાપ પર આધારિત રહેશે.

*શાસ્ત્રીય વાજિંત્ર (વાદન):

(૧૮) સિતાર (૧૯)વાંસળી (૨૦)તબલા (૨૧) વીણા (૨૨)મૃદંગમ

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સિતાર, વાંસળી, અને વીણા માટે ફાળવેલ અધિકત્તમ સમય ૧૫ મિનિટનો રહેશે.
3. તબલા અને મૃદંગમ માટે સમય ૧૦ મિનિટનો રહેશે.
4. ભાગ લેનારે પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
5. હિન્દુસ્તાની કે કર્ણાટકી શૈલીમાં આઈટમ રજૂ કરી શકાશે.
6. નિર્ણય મોટે ભાગે તાલ, ચંચળ સ્વર, રચના અને સામાન્ય છાપ પર આધારીત રહેશે.

(૨૩) હાર્મોનિયમ (હળવું):

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૦ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક ગોઠવવા વધારાની ૦૫ મિનિટ આપવામાં રહેશે.
4. ભાગ લેનારાઓએ પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
5. હળવા સંગીત સ્વરૂપે આઈટમ રજુ કરવાની રહેશે. જેમાં ફિલ્મી સંગીત ન હોવું જોઈએ.
6. નિર્ણય તાલ, ટેકનિક, સંગીત, રજુઆતનો સમય, સામાન્ય છાપ વગેરે પર અધારીત રહેશે.

(૨૪) ગિટાર:

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૦ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈકગોઠવવા વાજિંત્રના સુર મેળવવા વગેરે માટે વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. ભાગ લેનારે પોતાનું વાજિંત્ર લાવવાનું રહેશે.
5. ભારતીય કે પશ્ચિમી સંગીત સ્વરૂપે આઈટમ રજુ કરવાની રહેશે.
6. નિર્ણય તાલ, સંગીત, ટેકનીક, સંયમ, વાજિંત્ર પર પ્રભુત્વ, એકંદરે છાપ વગેરે પર આધારીત રહેશે.

* શાસ્ત્રીય નૃત્ય:

(૨૫) મણીપુરી (૨૬)ઓડીસી(૨૭) કુચીપુડી

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક ગોઠવવામાં સંગીતકારોને બેસવામાં અને વાંજિત્રોના સુર મેળવવા વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. નિર્ણય તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્તિ વેશભૂષા , કૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવત્તા પર આધારીત રહેશે.
5. નૃત્યનું વર્ણન, એમાંની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો કોઈ હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.
6. રાષ્ટ્ર સ્પર્ધામાં સહાયકો મળી શકશે નહી. પોતાના ખર્ચે સહાયકો લઈ શકાશે.

* શાસ્ત્રીય નૃત્ય:

(૨૮) ભરતનાટ્યમ (૨૯)કથ્થક

1. આ સ્પર્ધા"અ" તેમજ "બ" બંને વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
3. સ્ટેજ, માઈક ગોઠવવામાં સંગીતકારોને બેસવામાં અને વાંજિત્રોના સુર મેળવવા વધારાની ૦૫ મિનિટ આપવામાં આવશે.
4. નિર્ણય તાલ, ટેકનિક, લય, અભિનય કે અભિવ્યક્તિ વેશભૂષા , કૂટવર્ક, એકંદરે છાપ વગેરે જેવી છાપ ગુણવત્તા પર આધારીત રહેશે.
5. નૃત્યનું વર્ણન, એમાંની વાર્તા જો હોય તો અને સાથેનું ગીત જો કોઈ હોય તો તથા હિન્દી કે અંગ્રેજીમાં એનો અર્થ સાથેની સંક્ષિપ્તમાં નોંધની ત્રણ નકલો નોંધણી સમયે રજૂ કરવાની રહેશે.
6. રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં "અ" અને "બ" વિભાગની સ્પર્ધાઓ અલગ અલગ રીતે યોજાશે અને તે મુજબ વિજેતા પણ અલગ અલગ જાહેર કરવામાં આવશે. પરંતુ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે "અ" અને "બ" વિભાગમાંથી જે શ્રેષ્ઠ કૃતિ હશે તે જ ભાગ લઈ શકશે. રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય યુવા ઉત્સવના માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં લઈ ફક્ત સ્પર્ધક ભાગ લેવા માટે જશે. જો સહાયકો લઈ જવા હોય તો સ્પર્ધકના ખર્ચે લઈ જઈ શકે છે.

7. રાજ્યકક્ષા સુધી **LIVE** હશે તો વધુમાં વધુ પાંચ સંગીતકારોનો ઉપયોગ લઈ શકશે. કેસેટ દ્વારા રજુ કરાશે તો બે સહાયકો રાખી શકાશે.
8. નૃત્ય રેકોર્ડ કેસેટ અથવા ગ્રામોફોન રેકર્ડ ઉપર રજુ કરી શકશે.

<u>(૩૦) શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા:</u>

1. આ સ્પર્ધા "ખુલ્લા" વિભાગ માટે રહેશે.
2. સ્પર્ધાનો સમય ૦૪ મિનિટનો રહેશે.
3. ભાષા માત્ર હિન્દી કે અંગ્રેજી રહેશે.
4. ભાગ લેનાર કન્ટેઈનરમાંથી એક સ્લીપ લેશે . લીધેલી સ્લીપના વિષય પર ભાગ લેનાર બોલશે. બીજી સ્લીપ લેવાની વધુ તક આપવામાં આવશે નહી.
5. નિર્ણય બોલવાની સ્પષ્ટતા, પ્રવાહ પસંદ કરેલા વિષય સાથે સંબંધના શબ્દો અને વાક્યનું પુનરાવર્તન ન થવું, વિશ્વાસ, વિષય પ્રત્યેની સંભાવના વગેરે પર આધારીત રહેશે.

ઉપર જણાવેલા સામાન્ય અને વિશેષ નિયમો અને વિનિમયો તથા સંબંધિત આઈટમો માટે નિર્ણાયકશ્રીની પેનલની સુચનાને આધિન રહેશે.

# ભાગ-૨ નાં નિયમો

**અન્ય મહત્વપૂર્ણ સૂચનાઓ:**

- તમામ સ્પર્ધકોનું MY Bharat પોર્ટલ પર નોંધણી કરાવવી ફરજિયાત છે.
- દરેક યુવાન માત્ર એક ઇવેન્ટ કેટેગરીમાં જ ભાગ લઈ શકે.
- જિલ્લાવાર વિજેતાઓ રાજ્ય સ્તર પર સ્પર્ધા કરશે.
- જિલ્લામાં વિજેતાઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.
- રાજ્યમાંથી શ્રેષ્ઠ ટીમો રાષ્ટ્રીય સ્તર માટે પસંદ કરવામાં આવશે.
- રાજ્ય સરકારો વિજેતાઓને પ્રમાણપત્ર આપશે.

---

**વિવિધ ઇવેન્ટ્સ માટે SOPs (પ્રમાણિત પ્રક્રિયાઓ):**

**લોકનૃત્ય (Folk Dance - Group):**

- એક ટીમમાં ૧૦ સભ્યોની મર્યાદા છે. (ભાઇઓ/બહેનો/ભાઇઓ-બહેનો).
- લોકનૃત્ય ભારતીય શૈલીને રનુરૂપ હોવું જોઇએ.
- સમયમર્યાદા: 15 મિનિટ (સ્ટેજ સેટઅપ માટે વધારાની 5 મિનિટ).
- ભાગ લેનાર ટીમ તેમના પ્રદર્શન પૂર્ણ થયા પછી તરત જ તેમના સેટ , મિલકતો વગેરે દૂર કરવા માટે જવાબદાર રહેશે.
- નિર્ણય લય, નૃત્ય નિર્દેશન, કોસ્ચ્યુમ, મેકઅપ, સેટ અને એકંદર અસરોના આધારે કરવામાં આવશે.
- લાઇવ સંગીત જરૂરી છે (પ્રિ-રેકોર્ડેડ માન્ય નથી).

**લોકગીત (Folk Song - Group):**

- એક ટીમમાં ૧૦ સભ્યોની મર્યાદા છે. (ભાઇઓ/બહેનો/ભાઇઓ-બહેનો).
- લોકગીત ભારતીય ગીતોમાંથી લેવામાં આવવું જોઇએ જે કોઇ પણ પ્રાદેશિક ભાષામાં હોઇ શકે છે. સ્થાનિક / પરંપરાગત ગીતો (ફિલ્મીગીતો નહીં).
- સમયમર્યાદા: ૭ મિનિટ.
- મેડલી (Medley) ની મંજૂરી નથી.

**વાર્તાલેખન (Story Writing):**

- સ્પર્ધક એક જસ્પર્ધામાં ભાગ લઇ શકે.
- ભાષા: હિન્દી/અંગ્રેજી/પ્રાદેશિક
- સમય: 60 મિનિટ
- શબ્દમર્યાદા: 1000 શબ્દોમાં

**ચિત્રકામ (Painting):**

- સ્પર્ધક એક જ સ્પર્ધામાં ભાગ લઇ શકે.
- થીમ: "નશામુક્ત યુવા (Nasha Mukt Yuva)" અથવા "સ્વસ્થ જીવનશૈલી માટે યુવા (Youth for healthy lifestyle)"
- સમયમર્યાદા: 90 મિનિટ

- કાગળ: A3 સાઇઝ(i.e- 11.7'' * 16.5'')
- માધ્યમ: પેન્સિલ કલર(Pencil Colour),એક્રિલિક(Acrylic),વોટર કલર(Water colour),ક્રેયોન(Crayon),વગેરે.
- 20-30 શબ્દોમાં ચિત્રનું કેપ્શન ફરજિયાત.
- .

**ભાષણ (Declamation):**

- વિષયો:
  1. ભારતમાં ઈમર્જન્સી પીરિયડ અને બંધારણ નું ઉલ્લંઘન (Emergency period and violation of constitution in India).
  2. લોકશાહી અને લોકશાહીના મૂલ્યોનું સંરક્ષણ.(Safeguarding Democracy and Democratic Values).
- ભાષા: હિન્દી અથવા અંગ્રેજી
- સહભાગી આપેલ વિષય ઉપર તૈયાર ભાષણ આપશે.
- સમય: 7 મિનિટ
- મૂલ્યાંકન: માહિતી, રજૂઆત, આત્મવિશ્વાસ, સ્પષ્ટતા વગેરે

**કવિતાલેખન (Poetry Writing):**

- સ્પર્ધક એક જ સ્પર્ધમાં ભાગ લઇ શકે.
- ભાષા: હિન્દી, અંગ્રેજી અથવા સ્થાનિક
- સમયમર્યાદા: 90 મિનિટ
- કવિતામાં અપમાન જનક, અયોગ્ય વાક્ય રચના ન હોવી જોઇએ. તેમાં કોઇપણ જાતિ/સાંપ્રદાય/ધર્મ/રંગનું અપમાન ન થાય તે મુજબની કવિતા હોવી જોઇએ.
- સ્પર્ધકોએ પોતાનું સંપૂર્ણ નામ , સરનામું, મોબાઇલનંબર અને ઇ-મેઇલ એડ્રેસ પોર્ટલ ઉપર અવશ્ય આપવાનું રહેશે.
- દરેક રાજ્યમાંથી 3 સ્પર્ધકો રાષ્ટ્રીય સ્તરે જશે
- મૂલ્યાંકન માપદંડ: થિમ અનુરૂપતા, નવીનતા, રચનાત્મકતા, ભાષાની સ્પષ્ટતા

---

**નવીનતા ટ્રેક – વિજ્ઞાન મેળો (Science Mela):**

- દરેક જિલ્લામાં ઓછામાં ઓછા 10 ટીમ ભાગ લેશે. (દરેક ટીમમાં 5 સભ્યો સુધી)
- વિષય: બાયોટેક્નોલોજી,રોબોટિક્સ, AI, નવીનીકરણ ઊર્જા ,પર્યાવરણ સંરક્ષણ,આરોગ્ય સંભાળ ટેકનોલોજી, ડિજીટલ સોલ્યુશન, વગેરે.
- સર્જનાત્મક, નવીનતા અને વ્યવહારુ ઉપયોગને માન્યતા આપવામાં આવશે.
- જિલ્લા સ્તર પર પ્રથમ અને દ્વિતિય ટીમ રાજ્ય સ્તર પર જશે.

# યુવા ઉત્સવ ફોર્મ ૨૦૨૫    જિલ્લો:- જુનાગઢ શહેર/જુનાગઢ ગ્રામ્ય

## સીધી જિલ્લાકક્ષાની ઓફલાઈન સ્પર્ધા માટેનું અરજી પત્રક

(૧) સ્પર્ધકનું નામ:- ............................................................................................................જાતિ: સ્ત્રી / પુરુષ / અન્ય

(૨) ઘરનું સરનામું:..........................................................................................................................................

(3) જન્મ તારીખ: ........................................ ઉંમર :.............. (૪) આધાર કાર્ડ નંબર:.......................................

(૫) સ્કુલ/કૉલેજનું નામ, સરનામું: ..........................................................................................................

(૭) મોબાઈલ નંબર:................................................ મોબાઈલ નંબર (અન્ય):...........................................................

(૮) કૃતિનું નામ: .................................................................... વિભાગ (અ/બ/ખુલ્લો): ............................................

➢ દરેક સ્પર્ધક માત્ર એક ઇવેન્ટ કેટેગરીમાં જ ભાગ લઇ શકશે અને પસંદ કરી (√) નિશાની કરવી.

### સીધી જિલ્લાકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | કૃતિનું નામ | વિભાગ | સમય | સ્પર્ધક | સહાયક | કુલ | નિશાની માટે | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લોક નૃત્ય | ખુલ્લો | ૧૫ મિનિટ | કુલ ૧૦ ની ટીમ | | ૧૦ | | અ – વિભાગ (૧૫ વર્ષથી ઉપર અને ૨૦ વર્ષ સુધીના) (૦૧/૦૯ /૨૦૦૫ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા) બ- વિભાગ (૨૦ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના) (૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૦૫ વચ્ચે જન્મેલા) ખુલ્લો વિભાગ (૧૫ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના) (૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા) ઉંમર વય મર્યાદા તા:૦૧/૦૯/૨૦૨૫ ને ધ્યાને રાખવી. |
| ૨ | લોક ગીત | ખુલ્લો | ૦૭ મિનિટ | કુલ ૧૦ ની ટીમ | | ૧૦ | | |
| 3 | શાસ્ત્રીય કંઠ્ય સંગીત - હિન્દુસ્તાની | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૪ | શાસ્ત્રીય કંઠ્ય સંગીત – કર્ણાટકી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૫ | સીતાર | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૬ | વાંસળી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૭ | તબલા | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૮ | વીણા | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૯ | મૃદંગમ | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૦ | હાર્મોનિયમ (હળવું) | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૧ | ગિટાર | ખુલ્લો | ૧૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૨ | શાસ્ત્રીય નૃત્ય – ભરતનાટ્યમ | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૩ | શાસ્ત્રીય નૃત્ય – કથ્થક | અ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| | | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૪ | શાસ્ત્રીય નૃત્ય – મણીપુરી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૫ | શાસ્ત્રીય નૃત્ય – ઓડીસી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૬ | શાસ્ત્રીય નૃત્ય – કુચીપુડી | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૭ | શીઘ્ર વકૃત્વ (હિન્દી / અંગ્રેજી) | ખુલ્લો | ૦૪ મિનિટ | ૦૧ | -- | ૦૧ | | |
| ૧૮ | એકાંકી (હિન્દી / અંગ્રેજી) | ખુલ્લો | ૩૦ થી ૪૫ મિનિટ | ૧૨ | -- | ૧૨ | | |
| ૧૯ | ભાષણ (DECLAMATION) | ખુલ્લો | ૭ મિનિટ | ૦૧ | - | ૦૧ | | |
| ૨૦ | વાર્તા લેખન ( STORY WRITING) | ખુલ્લો | ૬૦ મિનિટ | ૦૧ | - | ૦૧ | | |
| ૨૧ | વિજ્ઞાન મેળા (SCIENCE FAIR) | ખુલ્લો | - | કુલ ૧૦ ની ટીમ | | ૧૦ | | |
| ૨૨ | કવિતા લેખન (POETRY WRITING) | ખુલ્લો | ૯૦ મિનિટ | ૦૧ | - | ૦૧ | | |

- જે કૃતિમાં સહાયક છે તેનું ફોર્મ આ સાથે અલગથી આપેલ છે, તે આ સાથે ભરીને આપવાનું રહેશે.
- જિલ્લાકક્ષાની સ્પર્ધાના ફોર્મ સાથે (૧) ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડ/ ચુંટણી કાર્ડની નકલ સાથે રૂબરૂ, પોસ્ટ અથવા કુરીઅર દ્વારા તારીખ: ૧૦/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીને , જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નં.૧, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરદારબાગ, જુનાગઢ ખાતે મોકલી આપવાનું રહેશે. નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્ક્વોલીફાઇ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.

**સ્થળ:**    **તારીખ:**    **સ્પર્ધક/સંસ્થાના વડાની સહી**

# યુવા ઉત્સવ ફોર્મ ૨૦૨૫ જિલ્લો:- જુનાગઢ શહેર/જુનાગઢ ગ્રામ્ય

## સીધી જિલ્લાકક્ષાની ઓફ લાઈન સ્પર્ધા માટે સહાયકનું અરજી પત્રક

(૧) સ્પર્ધક/સંસ્થાનું નામ:- ..........................................................................................................

(૨) ઘર/ સંસ્થાનું સરનામું:..........................................................................................................

(૩) મોબાઈલ નંબર:................................................ મોબાઈલ નંબર (અન્ય):..........................................................

(૪) કૃતિનું નામ: ................................................................... વિભાગ (અ/બ/ખુલ્લો): ..............................................

| સ્પર્ધક તેમજ સહાયકની માહિતી ભરવા માટે | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સ્પર્ધક/ સહાયક | નામ | જન્મ તારીખ | ઉંમર | સ્ત્રી/ પુરૂષ | સંપર્ક નંબર |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

- એકાંકી સ્પર્ધામાં પ્રોમ્ટરનું નામ, નાટકનું શિર્ષક, લેખકનું નામ તેમજ એકાંકીનો ટુંકસાર આ સાથે લખીને જોડવાનો રહેશે.
- લોકગીતનું ટાઈટલ, કૃતિના કર્તાનું નામ, તેમજ લોક ગીતનો ટુંકસાર આ સાથે લખીને જોડવાનો રહેશે.
- લોક નૃત્યનું ટાઈટલ, કૃતિના કર્તાનું નામ, તેમજ લોક નૃત્યનો ટુંકસાર આ સાથે લખીને જોડવાનો રહેશે.
- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્ક્વોલીફાઈ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.

સ્થળ: તારીખ: સ્પર્ધક/સંસ્થાના વડાની સહી

# યુવા ઉત્સવ ફોર્મ ૨૦૨૫     જિલ્લો:- જુનાગઢ શહેર/જુનાગઢ ગ્રામ્ય

## ઝોન/તાલુકાકક્ષાની ઓફલાઈન સ્પર્ધા માટેનું અરજી પત્રક

(૧) સ્પર્ધકનું નામ:- ..................................................................................................જાતિ: સ્ત્રી / પુરુષ / અન્ય

(૨) ઘરનું સરનામું:...........................................................................................ઝોન/તાલુકો..........................

(3) જન્મ તારીખ: ........................................ ઉંમર :............. (૪) આધાર કાર્ડ નંબર:..........................................

(૫) સ્કુલ/કૉલેજનું નામ, સરનામું: ..........................................................................................................

(૭) મોબાઈલ નંબર:................................................ મોબાઈલ નંબર (અન્ય):..................................................

(૮) કૃતિનું નામ: ...................................................................... વિભાગ (અ/બ/ખુલ્લો): .........................................

➢ સ્પર્ધકે ગમે તે એક જ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે અને પસંદ કરી (✓) નિશાની કરવી.

**તાલુકાકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ (આ સ્પર્ધાઓ ઓફ લાઈન યોજાશે)**

| વિભાગ | ક્રમ | કૃતિનું નામ | વિભાગ | સમય | સ્પર્ધક | સહાયક | કુલ | નિશાની માટે |
|---|---|---|---|---|---|---|---|---|
| સાહિત્ય વિભાગ | ૧ | વકૃત્વ સ્પર્ધા | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | | બ | ૦૭ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | ૨ | નિબંધ સ્પર્ધા | અ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | | બ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | ૩ | પાદપૂર્તિ | બ | ૪૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | ૪ | ગઝલ શાયરી લેખન | બ | ૬૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | ૫ | દુહા-છંદ-ચોપાઈ | બ | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | ૬ | લોક વાર્તા | ખુલ્લો | ૧૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| કલા વિભાગ | ૭ | સર્જનાત્મક કારીગરી | ખુલ્લો | ૧૮૦ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | ૮ | ચિત્રકલા | ખુલ્લો | ૯૦ મિનિટ | ૦૧ | -- <br> -- | ૦૧ | |
| સાંસ્કૃતિક વિભાગ | ૯ | લગ્નગીત | બ | ૦૭ મિનિટ | ૦૧ | ૦૪ | ૦૫ | |
| | ૧૦ | હળવું કંઠ્ય સંગીત | અ | ૦૫ મિનિટ | ૦૧ | ૦૩ | ૦૪ | |
| | | | બ | ૦૫ મિનિટ | ૦૧ | ૦૩ | ૦૪ | |
| | ૧૧ | લોકવાદ્ય સંગીત | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | | બ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | ૧૨ | ભજન | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૧ | ૦૩ | ૦૪ | |
| | ૧૩ | સમૂહ ગીત | ખુલ્લો | ૦૭ મિનિટ | ૦૮ | ૦૫ | ૧૩ | |
| | ૧૪ | એક પાત્રીય અભિનય | અ | ૦૫ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |
| | | | બ | ૦૭ મિનિટ | ૦૧ | -- | ૦૧ | |

અ – વિભાગ (૧૫ વર્ષથી ઉપર અને ૨૦ વર્ષ સુધીના) (૦૧/૦૯ /૨૦૦૫ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા)

બ- વિભાગ (૨૦ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના) (૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૦૫ વચ્ચે જન્મેલા)

ખુલ્લો વિભાગ (૧૫ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના) (૦૧/૦૯/૧૯૯૬ થી ૩૧/૦૮/૨૦૧૦ વચ્ચે જન્મેલા)

ઉંમર વય મર્યાદા તા:૦૧/૦૯/૨૦૨૫ ને ધ્યાને રાખવી.

- સ્પર્ધકના ફોર્મ મળ્યેથી સ્પર્ધાના સ્થળ , તારીખ, સમયની જાણ કરવામાં આવશે. (વધુ માહિતી માટે ઝોન/તાલુકા કન્વીનર નો અથવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના ફોન. ૦૨૮૫ – ૨૬૩૦૪૯૦ સંપર્ક કરવો)
- જે કૃતિમાં સહાયક છે તેનું ફોર્મ આ સાથે અલગથી આપેલ છે, તે આ સાથે ભરીને આપવાનું રહેશે.
- ઝોન/તાલુકાકક્ષાની સ્પર્ધાના ફોર્મ સાથે (૧) ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડ / ચુંટણી કાર્ડ ની નકલ સાથે તા.૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ, પોસ્ટ, કુરીઅર દ્વારા ઝોન/તાલુકા કન્વીનરશ્રીને મોકલી આપવાનું રહેશે.
- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્કવોલીફાઈ કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.

સ્થળ:

તારીખ:        સ્પર્ધક/સંસ્થાના વડાની સહી

# યુવા ઉત્સવ ફોર્મ ૨૦૨૫

જિલ્લો:- જુનાગઢ શહેર/જુનાગઢ ગ્રામ્ય

## ઝોન/તાલુકાકક્ષાની ઓફલાઈન સ્પર્ધા માટે સહાયકનું અરજી પત્રક

(૧) સ્પર્ધક/સંસ્થાનું નામ:- ........................................................................................................................

(૨) ઘર/ સંસ્થાનું સરનામું:........................................................................................ઝોન/તાલુકો:....................

(3) મોબાઈલ નંબર:................................................ મોબાઈલ નંબર (અન્ય):........................................................

(૪) કૃતિનું નામ: ................................................................... વિભાગ (અ/બ/ખુલ્લો): .........................................

| સ્પર્ધક તેમજ સહાયકની માહિતી ભરવા માટે | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સ્પર્ધક/ સહાયક | નામ | જન્મ તારીખ | ઉંમર | સ્ત્રી/ પુરૂષ | સંપર્ક નંબર |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

- સ્પર્ધકના ફોર્મ મળ્યેથી સ્પર્ધાના સ્થળ, તારીખ, સમયની જાણ કરવામાં આવશે.
- ઝોન/તાલુકાકક્ષાની સ્પર્ધાના ફોર્મ સાથે (૧) ઉંમરના પુરાવા તરીકે આધાર કાર્ડ / ચુંટણી કાર્ડ ની નકલ સાથે તા.૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં બપોરના ૧૨:00 વાગ્યા સુધીમાં રૂબરૂ, પોસ્ટ, કુરીઅર દ્વારા ઝોન/તાલુકા કન્વીનરશ્રીને મોકલી આપવાનું રહેશે.
- નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્ક્વોલીફાઈ કરવામાં આવશે.
- વધુ માહિતી માટે ઝોન/તાલુકા કન્વીનરનો અથવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીનો સંપર્ક કરવો.
- નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે, જે અંગેની હું બાંહેધરી આપુ છું.

સ્થળ:      તારીખ:      સ્પર્ધક/સંસ્થાના વડાની સહી